# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNES** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજની કેબિનેટની બેઠકમાં વિધાનસભા અંદાજપત્ર સત્રમાં રજૂ થનાર વિધેયકો અંગે ચર્ચા થશે.**
2. **રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને નૈતિકતા, ઈમાનદારી અને કરુણા જેવા જીવનમૂલ્યો અપનાવવા અનુરોધ કર્યો.**
3. **પાટણના સિદ્ધપુર GIDCમાંથી વિવિધ બ્રાન્ડનુ શંકાસ્પદ ખાદ્ય તેલ જપ્ત કરાયું.**
4. **ભૂજમાં આવેલી દેશની સૌથી મોટી અવકાશ વેધશાળાની 1 હજાર 500થી વધુ લોકોએ મુલાકાત લીધી.**
5. **ક્રિકેટના તમામ ફોર્મેટમાં અસાધારણ પ્રદર્શન બદલ જસપ્રીત બુમરાહ ICC મેન્સ ક્રિકેટર ઓફ ધ યર 2024 માટે પ્રતિષ્ઠિત સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફીથી સન્માનિત.**

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# STATE CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે કેબિનેટ બેઠક મળશે. આ બેઠકમાં વિધાનસભા અંદાજપત્ર સત્રમાં રજૂ થનાર વિધેયકો અંગે ચર્ચા થશે. આ ઉપરાંત મહાકુંભ માટેની બસો તથા મુખ્યમંત્રીના પ્રવાસ સંદર્ભેની ચર્ચા તેમજ બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લા વિભાજન બાદ મળેલી રજૂઆતો બાબતે સમીક્ષા કરાશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં મંત્રીઓને પ્રભારી વિસ્તારની સ્થિતિની રાજકીય ચર્ચા થવાની પણ શક્યતા છે. ઉલ્લેખનીય છે કે મુખ્ય સચિવ રાજ કુમારની અંતિમ કેબિનેટ બેઠક હશે.

# GTU CONVOCATION – GOVERNOR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે ટેક્નોલોજી ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે માનવતા અને જીવનમૂલ્યો સાથે જોડાયેલી હોય. ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીના 14મા પદવીદાન સમારંભમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ વિદ્યાર્થીઓને ટેકનિકલ પ્રગતિ સાથે નૈતિકતા, ઈમાનદારી અને કરુણા જેવા જીવનમૂલ્યો અપનાવવા અનુરોધ કર્યો.

# SOMNATH UNIVERSITY

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો 17મો દીક્ષાંત સમારોહ આજે રાજપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં યોજાશે. યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમોના 766 વિદ્યાર્થીઓને ડિગ્રી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે.

અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે આ દીક્ષાંત સમારોહમાં કુલ 23 સુવર્ણ ચંદ્રક અને 4 રજત ચંદ્રક સહિત કુલ 27 ચંદ્રક એનાયત કરાશે. જૂનાગઢના ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ અને સંસ્કૃત યુનિવર્સિટી વચ્ચે થયેલ

એમઓયુ અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાતનાં સંસ્કૃત વિદ્વાન ડૉ. વસંત પરીખને શ્રીમતી સરસ્વતીબેન જયંતિલાલ ભટ્ટ સંસ્કૃત વિદ્વાન-2025 પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

## PATAN OIL

પાટણના સિદ્ધપુર GIDCમાંથી વિવિધ બ્રાન્ડના શંકાસ્પદ ખાદ્ય તેલ મળી આવ્યું છે. ખોરાક ઔષધ નિયમન વિભાગ અને ખાસ સંચાલન ટુકડીએખાનગી પેઢીમાંથી 9 લાખ 81 હજાર રૂપિયાની કિંમતનો જથ્થો જપ્ત કર્યો. 15 કિલોગ્રામના લેબલ વગરના તેલના ડબાના 14 અને વિટામિન A અને D કન્સન્ટ્રેટ લિકવિડ મિક્સરના શંકાસ્પદ નમૂના લેવાયા.

## EASE OF DOING GUJARAT NUMBER ONE

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ EoDB” અંતર્ગત સિંગલ વિન્ડો પોર્ટલ માટે “ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ(IFP)” વિકસાવનાર ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્યોમાંનું એક બન્યું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કાર્યરત્ “ડિપાર્ટમેન્ટ ફૉર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ- D.P.I.I.T” દ્વારા ઈઝ ઑફ ડુઈંગ ક્રમાંકમાં ગુજરાતને દેશમાં ટોપ એચિવર તરીકે સ્થાન અપાયું છે.

સાંભળીએ સમાચાર વિભાગથી મિત્તલ પટેલનો અહેવાલ...

## (વૉઈસકાસ્ટઃ મિત્તલ પટેલ)

(વર્ષ 2015માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ પ્રથમ વાર વેપાર-ધંધા પરિવર્તન કાર્ય યોજના- B.R.A.P.ની પહેલ કરવામાં આવી હતી. તે અંતર્ગત રાજ્યમાં ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ- E.O.D.B. હેઠળ રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશ ક્રમાંક, મૂલવણીની શરૂઆત કરવામાં આવી. ગત એક દાયકામાં 3 લાખ 96 હજાર

કરોડનું વિદેશી અને 18 લાખ 46 હજાર રૂપિયાનું સ્થાનિક રોકાણ મળ્યું છે. ઉપરાંત E.O.D.B. હેઠળ સિંગલ વિન્ડો પૉર્ટલ ઈન્વેસ્ટર ફેસિલિટેશન પૉર્ટલ- I.F.P. વિકસાવનાર ગુજરાત દેશનું અગ્રણી રાજ્ય બન્યું છે. આજે રાજ્યના 18 જેટલા વિભાગ સંબંધિત 200થી વધુ વેપાર-ધંધા કેન્દ્રીત સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં 20 લાખથી વધુ અરજી પર પ્રક્રિયા કરવામાં આવી છે.

## CHOTAUDEPUR PM-AWAS

છોટાઉદેપુર તાલુકાના વસેડી ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના 833 લાભાર્થીઓને વર્ક ઓર્ડર વિતરણ કરાયું. આ અંગે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

**(બાઈટ : રાજેન્દ્રસિંહ રાઠવા, ધારાસભ્ય, છોટાઉદેપુર)**

## PANCHMAHAL ELECTION NOTIFICATION

રાજ્યના ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની જાહેરાત કરાઇ છે. ત્યારે પંચમહાલ જિલ્લાની હાલોલ અને કાલોલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. કાલોલ નગરપાલિકાના સાત વોર્ડ માટે 28 બેઠકો અને હાલોલ નગરપાલિકાના નવ વોર્ડની 36 બેઠકો માટે આગામી 16 ફેબ્રુઆરીએ મતદાન યોજાશે. જેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

**બાઈટ : પી. એલ. વિઠલાણી, ચૂંટણી અધિકારી, હાલોલ નગરપાલિકા**

# PORBANDAR ELECTION

પોરબંદર જિલ્લાની રાણાવાવ અને કુતીયાણા પાલિકાની ચૂંટણી માટેની પ્રક્રિયાઓ શરૂ થઈ ગઈ છે. બંને પાલિકા માટે યોગ્ય ઉમેદવારોએ ફોર્મ ભરવાના શરૂ કરી દીધા છે. બે દિવસમાં 97 ફોર્મ ઉપડ્યા છે. રાણાવાવ પાલિકા માટે સમાજવાદી પાર્ટીના 26 ઉમેદવાર, અપક્ષ 10 ઉમેદવાર, કોંગ્રેસના 4 ઉમેદવાર અને ભાજપના 1 ઉમેદવાર એમ 41 ઉમેદવારે ફોર્મ ઉપાડ્યા છે. જ્યારે કુતિયાણા પાલિકામાં ચૂંટણી લડવા માટે 2 દિવસમાં 56 ફોર્મ ઉપડ્યા છે જેમાંથી ભાજપમાંથી 50, અપક્ષમાંથી 5 અને ગુજરાત કિશાન મજદૂર લોક્ષાષણ પાર્ટી માંથી એક ફોર્મ ઉપડ્યું છે. ઉલ્લેખનીય છે કે 3 ફેબ્રુઆરીએ ફોર્મ ચકાસણી શરૂ થશે.

# BHAVNAGAR ALANG CUSTOM DUTY

ભાવનગર નજીક આવેલું એશિયાનું સૌથી મોટું શિપબ્રેકિંગ યાર્ડ અલંગ લાંબા સમયથી મંદીમાં ફસાયું છે. બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા હરીફ દેશો સામે ટક્કર આપવા 3 વર્ષ અગાઉ અલંગ શિપ એસોસિએશને  કેન્દ્ર સરકાર પાસે કસ્ટમ ડ્યુટી નાબૂદીની માગ કરી હતી. જેમાં 2.5 ટકા કસ્ટમ ડ્યુટી 3 વર્ષ માટે નાબૂદ કરાઇ હતી. જેની મુદત પૂર્ણ થતા ઝીરો કસ્ટમ ડ્યુટીને યથાવત રાખવા માંગ કરવામાં આવી છે.

**(બાઈટ : હરેશ પરમાર - સંયુક્ત સચિવ,**
**અલંગ શિપ રિસા. ઈન્ડ. એસો. ઓફ ઈન્ડિયા)**

# PDEU-COVOCATION

પંડિત દીનદયાળ ઉર્જા યુનિવર્સિટી- PDEUના  દીક્ષાંત સમારોહમાં  1 હજાર 890 વિદ્યાર્થીઓને ચંદ્રક અને પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરના રાયસણ ખાતે  PDEU કેમ્પસમાં યોજાયેલ કાર્યક્રમમાં  આજે મુખ્ય મહેમાન તરીકે કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક અને ડિરેક્ટર ઉદય કોટકે હાજરી આપી હતી. જ્યારે PDEUના ચેરમેન ડૉ. મુકેશ અંબાણીએ  સ્નાતક વિદ્યાર્થીઓ, વિદ્વાનો, તેમના માતાપિતા અને કેમ્પસના શૈક્ષણિક સમુદાયને સંબોધિત કર્યા.

## (બાઈટ – મુકેશ અંબાણી)

# BHUJ VEDHSHALA

કચ્છના ભુજમાં દેશની સૌથી મોટી અવકાશ વેધશાળાના લોકાર્પણ થયાના માત્ર 30 દિવસમાં એક હજાર 500થી વધુ મુલાકાતીઓ આવ્યા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. યાદી મુજબ, પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે બનેલી આ વેધશાળામાં મુલાકાતીઓને અત્યાધુનિક ટેલિસ્કોપ દ્વારા નેબ્યુલી (નિહારિકાઓ), ગ્રહો અને દૂરના તારાવિશ્વો જેવી અદ્ભુત અવકાશી ઘટનાઓ નિહાળવાની તક મળે છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગ હેઠળ ગુજકોસ્ટ દ્વારા ભુજમાં વેધશાળા બનાવવામાં આવી હતી. ભુજિયા ડુંગરની ટોચ પર 10 એકરમાં ફેલાયેલું આ કેન્દ્ર આકર્ષક જગ્યાને કારણે શિક્ષણ સાથે મનોરંજન પણ પુરૂ પાડે છે.

# BUMRAH - BEST CRICKETER

વિશ્વ ક્રિકેટમાં બૂમરાહે ગુજરાતનો ડંકો વગાડ્યો છે.. ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને તમામ ફોર્મેટમાં તેમના અસાધારણ પ્રદર્શન બદલ ICC મેન્સ ક્રિકેટર ઓફ ધ યર 2024 માટે પ્રતિષ્ઠિત સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યો છે. બુમરાહ આ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય ઝડપી બોલર બન્યો છે, અગાઉ  રાહુલ દ્રવિડ, સચિન તેંડુલકર , રવિચંદ્રન અશ્વિન અને વિરાટ કોહલીને આ એવોર્ડ મળી ચૂક્યો છે..

બુમરાહે 2024 માં યુએસએ અને વેસ્ટ ઈન્ડિઝમાં આયોજિત ભારતની T20 વર્લ્ડ કપ જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તે ૧૫ વિકેટો સાથે ટુર્નામેન્ટના સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો, કારણ કે ભારતે ફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ટ્રોફી જીતી હતી. ટેસ્ટ ક્રિકેટમાં, બુમરાહનું વર્ષ પણ એટલું જ પ્રભાવશાળી રહ્યું, તેણે ૧૩ મેચમાં ૭૧ વિકેટ લીધી, જે ૨૦૨૪માં કોઈપણ બોલર દ્વારા લેવામાં આવેલી સૌથી વધુ વિકેટ છે. ભારતની તમામ ફોર્મેટમાં સફળતામાં તેમનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યું.

આ અઠવાડિયાની શરૂઆતમાં, બૂમરાહે ICC મેન્સ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ પણ જીત્યો, જેનાથી વર્ષના શ્રેષ્ઠ ખેલાડીઓમાંના એક તરીકે તેનું સ્થાન વધુ મજબૂત બન્યું.

# T-20 MATCH

રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ગઇકાલે રમાયેલી ત્રીજી ટી-20 મેચમાં ઇંગ્લેન્ડે ભારતને 26 રને  હરાવ્યું હતું... ઇંગ્લેન્ડ દ્વારા આપવામાં આવેલા ૧૭૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ભારત નિર્ધારિત ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને માત્ર ૧૪૫ રન જ બનાવી શક્યું હતું..

અગાઉ, બેટિંગ માટે ઉતર્યા બાદ, ઇંગ્લેન્ડે 20 ઓવરમાં 9 વિકેટે 171 રન બનાવ્યા. બેન ડકેટના ૨૮ બોલમાં ૫૧ રનની વિસ્ફોટક ઇનિંગથી મજબૂત શરૂઆત કરી, જ્યારે લિયામ લિવિંગસ્ટોનના ૨૪ બોલમાં ૪૩ રનની સહાયથી પ્રવાસી ટીમે 171 રન કરી લીધા હતા.. ભારત તરફથી, વરુણ ચક્રવર્તીએ પાંચ વિકેટ ઝડપી હતી..

હાર્દિક પંડ્યાએ 35 બોલમાં 40 રન બનાવ્યા તેમ છતા પણ ભારત ઇગ્લેંડ સામે જીતી શક્યુ ન હતું.. ન હતો. ઈંગ્લેન્ડ તરફથી જેમી ઓવરટને ત્રણ વિકેટ લીધી હતી.

આ હાર છતાં, સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ હજુ પણ પાંચ મેચની શ્રેણીમાં 2-1થી આગળ છે. શ્રેણીની ચોથી મેચ શુક્રવારે પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે રમાશે.

# NADIAD NEW COURT BUILDING

નડિયાદ ખાતે નવનિર્મિત જિલ્લા અને સત્ર ન્યાયાલય બિલ્ડિંગનું ગુજરાત હાઈકોર્ટનાં મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.. હોસ્પિટલ, ઘોડિયાઘર અને એ.ટી.એમ. સહિત અનેક સુવિધા ઉભી કરાઈ છે.

અમારા પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે કે સુશ્રી સુનિતા અગ્રવાલે આ ઇમારતના લોકાર્પણને ગુજરાત ન્યાયતંત્રની સીમાચિન્હ ઘટના ગણાવી હતી. તેમણે વધુમાં જણાવ્યું છે કે જિલ્લાનું ન્યાયપાલિકા સમગ્ર દેશના ન્યાયતંત્ર માટે કરોડરજ્જુ તરીકે કામ કરે છે. ત્યારે આ ઇમારતની ઉચ્ચ ગુણવત્તા, આધુનિક આંતરમાળખાકીય સુવિધાઓ અને ક્રાફ્ટમેનશીપના કારણે બીજા જિલ્લાઓની કોર્ટ માટે ઉત્તમ ઉદાહરણ તરીકે પ્રસ્થાપિત થશે.